# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# AMIT SHAH DAY 3

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના 473 કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ અને ખાતમહુર્ત કર્યું. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે ગાંધીનગરના ઇન્દ્રોડા પાર્કને આગામી ટૂંક સમયમાં દેશનું સૌથી મોટું બાળકોને ફરવા માટેનું સ્થળ બનાવવામાં આવશે.

શ્રી શાહે જણાવ્યું કે આજના દિવસમાં 919 કરોડ રૂપિયાના વિકાસ કામોનું ખાતમર્હૂત અને લોકાર્પણ કરાયું. તેમણે ઉમેર્યું હતું કે અત્યાર સુધીમાં આ લોકસભા વિસ્તારમાં 23 હજાર, 951 કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે. તેમજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે 14 હજાર કરોડની વધુ વિકાસ કામોની ભેટ આપવામાં આવી. આ પ્રસંગે તેમણે વિકાસની દ્રષ્ટિએ ગાંધીનગર દેશમાં ટોચનો મત વિસ્તાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટા પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, મહાનગરપાલિકના આગેવાનો તેમજ વરિષ્ઠ અધિકારીઓ સહિત સામાન્ય નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પહેલા ગઈકાલે રાતે કેન્દ્રીય મંત્રીએ સમસ્ત પરિવાર સાથે તેમના વતન માણસા ખાતે બહુચર માતાના મંદિરે દર્શન અને પૂજા અર્ચના કર્યા હતા.

------------------

## CM SEMINAR

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે RTI સપ્તાહની ઉજવણીના ભાગરૂપે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ, માહિતી કમિશ્નર, ઉપરાંત રાજ્યના  ઉચ્ચ અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

----------

## RAJYPAL ACHARYA DEVVRAT - HARIYANA ELECTION

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતએ આજે સવારે  હરિયાણામાં મિર્ઝાપુર સ્થિત શાસકીય પ્રાથમિક શાળામાં પરિવાર સાથે મતદાન કર્યું.

પત્રકારો સાથેની વાતચીતમાં રાજ્યપાલે  કહ્યું કે, ભારતના બંધારણે 18 વર્ષની ઉંમર પછી બધાને મતદાન કરવાનો અધિકાર આપ્યો છે, અને સૌએ ભારતીય બંધારણના આ નિર્દેશનું પાલન કરીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને દેશ અને સમાજની પ્રગતિમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

-----------------

## Navratri third day

આજે નવરાત્રિનો ત્રીજો દિવસ છે મા અંબાના ચંદ્ર ઘંટા સ્વરૂપનું પૂજન થાય છે. મા ચંદ્ર ઘંટાને દશ ભૂજાઓ અને મસ્તક પર અર્ધચંદ્ર છે તેમનું વાહન સિંહ છે. તેમની આરાધનાથી વિપતિઓનો નાશ થાય છે.

સમગ્ર રાજ્યમાં નવરાત્રિની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે. ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે 'IAS વાઇવ્સ વેલફેર એસોસિએશન' દ્વારા ગાંધીનગરના સેક્ટર-૧૯માં આયોજિત નવરાત્રી રાસ ગરબા મહોત્સવમાં માતાજીની આરતીમાં ભાગ લીધો હતો.

.................

## Metro train

નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેટ્રો રેલ રાત્રે બે વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને એક યાદીમાં જણાવ્યું છે કે, 11 ઓક્ટોબર સુધી મેટ્રો સેવા રાત્રે

**10 વાગ્યા પછી પણ પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ કોરિડોરમાં દરેક સ્ટેશનેથી 20 મિનિટના અંતરે ઉપલબ્ધ રહેશે. થલતેજ, વસ્ત્રાલ ગામ, મોટેરા સ્ટેડિયમ તથા એપીએમસીથી છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય મધ્યરાત્રિનાં બે વાગ્યા સુધી રહેશે.**

.................

## EMERGENCY BOX

અમદાવાદમાં નિર્ભયા સુરક્ષિત શહેર પ્રોજેક્ટ હેઠળ વિવિધ વિસ્તારોમાં 205 ઇમરજન્સી કૉલ બૉક્સ મૂકવામાં આવ્યા છે. છેડતી અને મુશ્કેલીના સમયમાં મહિલાઓ આ ઇમરજન્સી બૉક્સનું બટન દબાવતા ગણતરીની મિનિટોમાં પોલીસ મદદ માટે પહોંચી જશે. હાલમાં સિંધુભવન રોડ, સેટેલાઇટ સહિતના વિસ્તારોમાં કુલ 167 બૉક્સ કાર્યરત કરાયા છે. જ્યારે વધુ કેટલાક આગામી ટૂંક સમયમાં કાર્યરત કરાશે. અમદાવાદ પોલીસના જણાવ્યા અનુસાર તેમને પ્રતિદિન મદદ માટેના સરેરાશ 30 કૉલ આવી રહ્યા છે..

(BYTE: અજય ચૌધરી, એડીજીપી, અમદાવાદ પોલીસ )

-------------------

## SEVA SETU - KARYAKRAM

રાજ્ય સરકારની વિવિધ  પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લોકોને સતત મળતો રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના નડગચોંડ ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. આ  કાર્યક્રમમા સરકારના જુદાં જુદાં કુલ ૧૩ વિભાગની કુલ પચાસથી વધુ યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લાભાર્થીઓને આપવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે ડાંગના ધારાસભ્ય વિજયભાઇ પટેલે જિલ્લાના ખેડુતો જેઓને વિજ કનેક્શન માટે થાંભલો કે તાર ખેતર સુધી લઇ જવા  વિનામુલ્યે વીજ વિભાગ દ્વારા સેવાઓ અપાશે તેમ  જણાવ્યું હતુ.

મહીસાગર જિલ્લાના  સંતરામપુર તાલુકાના આંજણવા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. તેમાં સ્થળ પર રાશનકાર્ડને લગતી અરજી, હેલ્થ વેલનેસ કાર્ડ, આધારકાર્ડને લગતી અરજીઓ, કૃષિ, આદિજાતિ વિભાગની યોજનાઓ હેઠળના વ્યક્તિલક્ષી લાભો માટેની અરજીઓની કામગીરી પણ કરવામાં આવી હતી.

-----------------------------------

## MAHESANA WATER HARVESTING PROJECT

મહેસાણા જિલ્લામાં ચોમાસા દરમિયાન જિલ્લાની 835 પ્રાથમિક શાળાઓમં વરસાદી પાણીના સંગ્રહ માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ થકી સંગ્રહ કરી ફિલ્ટર કર્યા બાદ શાળાના બગીચાઓમાં ઉપયોગ કરવા સંદર્ભેના પાયલટ પ્રોજેક્ટનો પ્રાંરભ કરાયો છે. રાજ્યમાં આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ છે. જેમાં શાળા દીઠ 2 લાખ 60 હજાર રૂપિયાના ખર્ચે એમ કુલ 22 કરોડ રૂપિયાના ખર્ચે સરકારી શાળાઓમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટેનો પરિપત્ર જાહેર કરાયો છે.

---------------